પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૨૬૦ | ૩૦ નવેમ્બર, ૨૦૧૭, ગુરૂવાર ; માગસર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# ઉત્તર કોરિયાએ પુનઃ જાપાન પર મિસાઈલ ઝીંકી

**મિસાઇલ જાપાની આર્થિક ઝોનમાં ખાબકી : વિશ્વ ચિંતાતુર : ઉત્તર કોરિયા અને અમેરિકા વચ્ચે હવે ભીષણ યુદ્ધના ભણકારા : ઇમરજન્સી બેઠકોનો દોર જારી : હવે ઉત્તર કોરિયાને બોધપાઠ ભણાવવા માટે ડોનાલ્ડ ટ્રમ્પ પર દબાણ**




શિયોલ, તા. ૨૯

અમેરિકા સહિતના દુનિયાના શક્તિશાળી દેશો તરફથી આપવામાં આવેલી ચેતવણીની ચિંતા કર્યા વગર ઉત્તર કોરિયાએ આજે ફરી એકવાર બેલાસ્ટિક મિસાઈલ ઝીંકતા વિશ્વના દેશો હચમચી ઉઠ્યા છે. ઉત્તર કોરિયાએ બેલાસ્ટિક મિસાઈલ પરીક્ષણ કરીને તમામને ચોંકાવી દીધા છે. હવે ઉત્તર કોરિયા સામે કાર્યવાહી કરવા માટે સતત દબાણ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર વધી રહ્યુ છે. અમેરિકાએ કઠોર પ્રતિક્રિયા આપીને દુનિયા માટે ખતરા તરીકે આને ગણાવીને ઉત્તર કોરિયાની ઝાટકણી કાઢી છે. અમેરિકાના સમય મુજબ ઉત્તર કોરિયાએ આજે સવારે બેલાસ્ટિક મિસાઈલનુ પરીક્ષણ કર્યુ હતુ. દક્ષિણ કોરિયા અને અમેરિકા બન્નેએ આ પરીક્ષણને સમર્થન આપી દીધુ છે. દક્ષિણ કોરિયાના મિડિયા અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે દક્ષિણી પ્યોંગાન પ્રાંતથી આ મિસાઈલને જાપાનના દરિયામાં ઝીંકવામાં આવી હતી. આ ધડાકો દુર સુધી સંભળાયો હતો. ઉત્તર કોરિયાએ પણ છાતી ઠોકીને પરીક્ષણ

● અનુસંધાન પાન-૩ પર



## ન્યુઝ ટ્રેક

### શબાના આઝમીને મલેશીયા સરકાર સન્માનિત કરશે

બોલીવુડની દિગ્ગજ અભિનેત્રી શબાના આઝમીને મલેશીયા સરકાર સન્માનિત કરશે. 'ધ ઈકોનોમિક ટાઈમ્સ એશિયાઈ બિઝનેસ લીડર્સ કોન્કલેવ'માં પ્રધાનમંત્રી નજીબ રઝાક તેમને એવોર્ડ આપશે.

# માર્ગ અકસ્માતના મૃત્યુઆંકમાં નોંધપાત્ર ઘટાડો

**ગુજરાતમાં મોતનો આંકડો ઘટીને ૫૩૯૩ નોંધાયો : પંજાબમાં ૧૪.૪ ટકા સુધીનો ઘટાડો**

નવી દિલ્હી,તા. ૨૯

દેશમાં માર્ગ અકસ્માતોમાં મોતના આંકડામાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૭માં જાન્યુઆરીથી સપ્ટેમ્બર વચ્ચેના ગાળામાં આંકડો ઘટ્યો છે. ગુજરાતની વાત કરવામાં આવે તો માર્ગ અકસ્માતોમાં મોતની સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ગુજરાતમાં જાન્યુઆર-સપ્ટેમ્બર ૨૦૧૭માં આ સંખ્યા ઘટીને ૫૩૯૩ થઈ છે જે જાન્યુઆરી-સપ્ટેમ્બર ૨૦૧૬માં ૬૧૬૮ નોંધાઈ હતી. એટલે કે માર્ગ અકસ્માતોના મામલામાં આ ઘટાડો ૭૭૫નો નોંધાયો છે. કર્ણાટક, પશ્ચિમ બંગાળ, પંજાબ, તેલંગાણા, બિહાર અને અન્ય રાજ્યોમાં પણ માર્ગ અકસ્માતોમાં મોતના આંકડામાં ઘટાડો નોંધાયો છે. ટકાવારીની દ્રષ્ટિએ ઘટાડો પંજાબમાં સૌથી વધુ ૧૪.૫ ટકા થયો છે પરંતુ મોતના આંકડાની વાત કરવામાં આવે તો મહારાષ્ટ્રમાં સંખ્યા સૌથી વધુ ઘટી છે. માર્ગ અકસ્માતોને રોકવા માટે સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા લેવામાં આવેલા પગલાના કારણે સીધી રીતે ફાયદો થયો છે. માર્ગ સુરક્ષા અંગે સુપ્રીમ કોર્ટ દ્વારા નિમવામાં આવેલી પેનલ દ્વારા રાજ્ય સરકારો સાથે આંકડાની આપલે કરવામાં આવી છે.

# દિલીપકુમારની તબિયત ફરી લથડી

મુંબઈ, તા. ૨૯

અનુભવી અને પોતાના સમયના મહાન અભિનેતા દિલીપકુમારને નિમોનિયાની અસર થઈ હોવાના અહેવાલ મળ્યા છે. તબીબોએ હાલમાં દિલીપકુમારને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે. પરિવારના સભ્યોના કહેવા મુજબ ૯૪ વર્ષીય દિલીપકુમારની સ્થિતિ હવે સામાન્ય છે. હકીકતમાં તેમને હળવા ન્યુમોનિયાની અસર થઈ હતી. ત્યારબાદ સારવાર માટે તેમને લઈ જવામાં આવ્યા હતા. દિલીપકુમારના પારિવારિક મિત્ર ફૈઝલ ફારુકીએ તેમના તરફથી ટ્વિટ કરીને કહ્યું છે કે, તેમની તબિયતમાં આંશિક ખરાબી થઈ છે. ત્યારબાદ તેમને ઘરે આરામ કરવા માટેની સલાહ આપવામાં આવી છે. શરીરના બાકી તમામ માપદંડ યોગ્યરીતે કામ કરી રહ્યા છે. પહેલાની સરખામણીમાં તેમન તબિયતમાં સુધારો થયો છે. અનેક એવોર્ડથી તેઓ સન્માનિત થઈ ચુક્યા છે. તેમની છેલ્લી ફિલ્મ કિલ્લા ૧૯૯૮માં રજૂ થઈ હતી. તેમને દાદા સાહેબ ફાલ્કે એવોર્ડથી પણ સન્માનિત કરાયા હતા. ૨૦૧૫માં પદ્મવિભૂષણથી સન્માનિત કરાયા હતા. ગયા વર્ષે એપ્રિલ મહિનામાં પણ તેમને ન્યુમોનિયાની અસર થઈ હતી અને બે દિવસ હોસ્પિટલમાં સારવાર માટે રહ્યા હતા.

# કોંગ્રેસ ગુજરાતમાં જાતિવાદનું ઝેર ફેલાવે છે : મોદી

**મોદીએ મોરબી, પ્રાચી,પાલિતાણા અને નવસારીમાં જાહેરસભાઓ સંબોધી, ઓબીસી કાર્ડ ખેલ્યું : મચ્છુ હોનારત વખતે ઈન્દિરા ગાંધીએ મોંએ રૂમાલ બાંધ્યો હતો, ગુજરાતના દરેકે દરેક તાલુકાના માણસોને નામથી ઓળખુ છુ, સોમનાથ દર્શન કરવા આવેલાને ઇતિહાસ ખબર છે? : ઓબીસીને હક અપાવીને જ રહીશું : કોંગ્રેસ નોટબંધી-જીએસટી મુદ્દે ભ્રામક પ્રચાર કરે છે**

પાલિતાણા, તા.૨૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટે



હાલ ગુજરાતની એકદિવસીય મુલાકાતે છે. ત્યારે ચૂંટણી પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મોરબી,પ્રાચી,પાલિતાણામાં માં વિશાળ જનસભાને સંબોધી હતી. આ પ્રસંગે પીએમ એ ઈન્દિરા ગાંધીથી લઈને કોંગ્રેસના કુશાસન, રાહુલ ગાંધી, જીએસટી અને નર્મદા મામલે અનેક ટિપ્પણી કરી હતી.

મોરબીમાં જનસભાની શરૂઆત કરવાની સાથે જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌથી પહેલા લોકોને ફરિયાદ કરી. તેમણે કહ્યું કે તમે ખોટું ના લગાડો તો એક ફરિયાદ કરું! તેમણે કહ્યું કે જ્યારે મને મુખ્યમંત્રીમાંથી વડાપ્રધાન બનાવાની જાહેરાત કરી હતી અને ત્યારે જ્યારે હું મોરબી આવ્યો હતો ત્યારે કેમ આટલી ઓછી સંખ્યામાં મોરબી વાસીઓ આવ્યા હતા અને આજે કેમ આટલી વિશાળ સંખ્યામાં અહીં આવ્યા છો. આમ કહીને તેમણે એ વાતનો રદિયો આપ્યો કે મોદીની સભામાં લોકોની ઓછી ભીડ આવે છે.

મચ્છુ ડેમની હોનારતને યાદ કરતા તેમણે કહ્યું કે મચ્છુ ડેમની હોનારત થઈ ત્યારે હું કેરળમાં હતો અને હોનારતના બીજા દિવસે જ મોરબી પહોંચીને મેં મરેલા પશુઓ, કાદવ ઉઠાવાના કામમાં રાષ્ટ્રીય સ્વંયમ સેવક સંઘ સાથે જોડાઈ ગયો હતો. સાથે જ આ પ્રસંગે તેમણે ચિત્રલેખાના એક ફોટોને યાદ કરી ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીને પણ યાદ કર્યા હતા. અને તે અહીં મોં પર રૂમાલ દબાવીને આવ્યા હતા અને અમે અહીં લોકોની સેવા કરતા હતી તેમ કહી મોદીએ કોંગ્રેસ પર આરોપ લગાવ્યો હતો કે કુદરતી હોનારત વખતે કોંગ્રેસ ખાલી ફોટો પડાવા જ આવે છે. સાથે જ તેમણે કહ્યું કે મચ્છુ ડેમની હોનારત અમે મોરબીને ઊભું કરવામાં કોઈ પાછીપાની નથી કરી. બીજા રાજ્યોને જોઈ લો જ્યાં હોનારત થઈ હોય ત્યાં ૧૦ વર્ષ પછી પણ જે તે શહેર ઠીકથી ઊભું નથી થતું. અને મચ્છુ હોનારત પછી મોરબી ઊભું કરવામાં ભાજપને સફળતા મળી છે.

તેમણે કહ્યું કે કોંગ્રેસનું વિકાસનું મોડેલ હેન્ડપંપ છે અને ભાજપના વિકાસનું મોડેલ છે ઘરે ઘરે પાણીના નળ, આજ છે ગુજરાતના વિકાસનું મોડેલ. હેન્ડપંપને આવવા માટે પણ કોંગ્રેસવાળા ૩-૩ ચૂંટણીના વોટ પડાવી જતા હતા. અમારી સરકારે ચેકડેમ્પની યોજનાથી ગામે ગામે

● અનુસંધાન પાન-૩ પર



હાર્દિકનો હુંકાર - સૌરાષ્ટ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કોંગ્રેસ ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી સામ-સામે પ્રચાર સભાઓ ગજવી રહ્યા હતા ત્યારે રાજકોટમાં પાસના નેતા હાર્દિક પટેલે જંગી જનમેદની સમક્ષ વર્તમાન સરકારને પડકાર આપી ગ્રામીણ લઢણમાં સભા સંબોધી હતી... ચિક્કાર માનવમહેરામણને સંબોધતા હાર્દિક પટેલે ૯મી ડિસેમ્બરે આક્રમકતાથી સરકાર વિરોધમાં મતદાન કરવાની અપીલ કરી હતી...

# કૈલાસ માનસરોવરની યાત્રા મોંઘી થશે : ૧૩ હજારનો ખર્ચ વધશે

નૈનિતાલ,તા.૨૯

વિશ્વપ્રસિદ્ધ કૈલાસ માનસરોવર યાત્રાની પ્રારંભિક તૈયારી થઈ ચૂકી છે ત્યારે કુમાઉં મંડળ વિકાસ નિગમ તરફથી કૈલાસ માનસરોવર યાત્રાના ખર્ચમાં ૧૩ હજારનો વધારો કરવા તે મુજબની રકમ હવે ચૂકવવા વિદેશ મંત્રાલયને એક પ્રસ્તાવ દ્વારા જાણકારી આપી છે ત્યારે યાત્રાને લઈ ચાલતી તૈયારીને લઈ વિદેશ મંત્રાલયની આગામી બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરીની મહોર લાગી જાય તેવી પ્રબળ શક્યતા છે.

કૈલાસ માનસરોવર યાત્રામાં સામેલ થતા પ્રત્યેક યાત્રિકને કુમાઉં મંડલ વિકાસ નિગમને અત્યાર સુધી કુલ ૩૫ હજાર ચૂકવવાના થતા હતા. ૨૦૧૭ની યાત્રામાં પિથોરાગઢના માલતાની દુર્ઘટના બાદ નિગમને સુરક્ષિત યાત્રા માટે વધારાની વ્યવસ્થા કરવી પડી હતી. તેથી હવે કૈલાસ અને આદિ કૈલાસ યાત્રામાં બસનો જ ખર્ચ ૨૦ લાખ જેટલો વધી ગયો છે.

આ સિવાય અન્ય ખર્ચને ધ્યાનમાં લઈ કુમાઉ મંડળ વિકાસ નિગમને આ યાત્રાના ખર્ચમાં વધારો કરવાની ફરજ પડી છે. આ અંગે નિગમના વડા ત્રિલોકસિંહ મર્તોલિયાએ જણાવ્યું કે નિગમે વિદેશ મંત્રાલયને આ યાત્રામાં સામેલ થતા દર યાત્રિકદીઠ અત્યાર સુધી જે ૩૫ હજારની રકમ લેવાતી હતી તેમાં ૧૩ હજારનો વધારો થતાં હવે આવી રકમ ૪૮ હજાર લેવાનો પ્રસ્તાવ આપ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે

**REQUIRED**

Assistant Teacher (Female) are required for Physics Lab and Chemistry Lab and Peon for reputed school in Gandhinagara

Std. 11th / 12th Science (English Medium)

Contact No. 9998846461, 079-23213032/33

# ...તો કોંગ્રેસ ૧૫ દિવસમાં ખેડૂતોનું દેવુ માફ કરશે : રાહુલ

**સૌરાષ્ટ્રના વિસાવદર, સાવરકુંડલા અને અમરેલી ખાતે ચૂંટણી સભાઓમાં ભાજપની રાજ્ય અને કેન્દ્ર સરકાર સામે રાહુલ ગાંધીના આકરા પ્રહારો : મોદી વીજળી, પાણી-જમીન લઇ જાય અને મનની વાત સંભળાવી જાય : સોમનાથમાં દર્શન કર્યા : રાહુલ ગાંધીએ ફરી એકવખત મોદી સરકાર તેમજ ભાજપને આડા હાથે લીધા : મોદીએ હંમેશા બધાની પાસેથી બધુ લીધુ જ છે**

અમદાવાદ,તા.૨૯

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ ગુજરાતની મુલાકાતે આવેલા કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે બપોરે સોમનાથ મંદિરમાં દેવાધિદેવ મહાદેવ ભોળાનાથના દર્શન કરી સૌરાષ્ટ્રમાં તેમના ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. વિશાળ જનસભાને સંબોધન દરમ્યાન ફરી એકવાર રાહુલ ગાંધીએ મોદી સરકાર અને ભાજપ પર ચાબખા વરસાવતાં જણાવ્યું હતું કે, છેલ્લા ૨૨ વર્ષોથી ભાજપે આપખુદશાહી ચલાવી છે અને તમને પણ આદત પડી ગઈ છે, મોદીજી, અમિત શાહજી અને રૂપાણીજી આવીને તેમના મનની વાત તમને સંભળાવી જાય છે. તમારા વીજળી, પાણી અને જમીન મોદીજી લઈ જાય છે અને તેમના મનની વાત સંભળાવી જાય છે. પરંતુ તેઓ કદી તમારા મનની વાત સાંભળતા નથી. કોંગ્રેસની સરકાર આવશે તો, તમારા મનની વાત ગુજરાતની જનતાની વાત સાંભળશે. રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું હતું કે, મોદીએ હંમેશા બધુ બધા પાસેથી લીધું જ છે. ગરીબો પાસેથી પણ ગબ્બરસિંહ ટેક્સ વસૂલે છે. કોંગ્રેસે દેશભરમાં મનરેગા યોજના લાગુ કરી રૂ.૩૫ હજાર કરોડ ખર્ચ્યા હતા, તેટલી રકમ મોદીજીએ માત્ર એક જ કંપની ટાટા નેનો માટે ફાળવી દીધી..તમે વિચારો..આ બહુ વિચારવા જેવી વાત છે. અમારી મનરેગા યોજના જે લોકોને રોજગારી આપતી હતી તે પણ મોદીજીએ બંધ કરાવી દીધી. આમ મોદીએ લોકો પાસેથી રોજગારી પણ છીનવી લીધી છે. દેશમાં અમીર ઉદ્યોગપતિઓના દેવા-લોન માફ કરી દેવાય છે પરંતુ ગુજરાતના ખેડૂતોના દેવા માફ કરવામાં આવતા નથી. ખબર નથી પણ કેમ અહીંના ખેડૂતોના દેવા માફ કરવામાં નથી આવતા અને

● અનુસંધાન પાન-૩ પર



ROOPKALA

The silver shop

માત્ર ચાંદીનો શો-રૂમ

199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય